વડીલોને વંદન અભિનંદન



ડૉ. ચંદુભાઈ એમ. પટેલ
(૧૯૪૩) ૨૩૨૪૫૭૫૯



કાન્તિભાઈ મનજીભાઈ શર્મા
(૧૯૪૬) ૨૩૨૨૪૪૯૧

ઊંઝાની યુવતી ગુમ થતા પોલીસ ફરિયાદ

ઊંઝા, તા. ૧૯

ઊંઝા ખાતે દૂધેશ્વર મહાદેવ પાસે આવેલ રાવળવાસમાં રહેતા રાવળ રમેશભાઈ આત્મારામની દીકરી દક્ષાબેન ઉં.વ. ૧૯ સવારના સમયે રસોડામાં મજુરી કામ કરવાનું કહીને ઘરેથી નીકળી હતી જે મોડે સુધી ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ તેની કોઈ ભાવ ન મળતા પરિવારજનોએ આ અંગે સ્થાનિક પોલીસમાં જાણ કરવા પોલીસ જાણવા જોગ નોંધી તપાસ હાથ ધરી છે.

જૈન શ્રેષ્ઠી જાણીતા ઉદ્યોગપતિ શ્રેણિક કસ્તુરભાઈના દુઃખદ નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જૈન શ્રેષ્ઠી અને નામાંકિત ઉદ્યોગપતિ શ્રી શ્રેણિક કસ્તુરભાઈના નિધન અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

તેમણે શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વ. શ્રેણિક કસ્તુરભાઈ એક ઉદ્યોગપતિ ઉપરાંત સમાજના હિતૈષી હતા. તેઓએ ઔદ્યોગિક, શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્રોમાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ દિવંગતને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

ડીસામાં સ્પોટ કલબ અંબિકા મોબાઈલ શોપમાં ૧૦ લાખથી વધુનાં મોબાઈલ ચોરાયા

ડીસા, તા.૧૯

ડીસામાં સ્પોટ કલબ પાસે આવેલી અંબિકા મોબાઈલ શોપમાં આજે વહેલી સવારે દુકાનનું શટર તોડી બે અજાણ્યા ઈસમો દુકાનમાં ઘુસ્યા હતા. જે બાદ આ બંને એ દુકાનમાં પડેલા ૧૦ લાખથી વધુની કિંમતનાં મોબાઈલ ચોરી કરી ભાગી છુટયા હતા જો કે આ બંને સીસી ટીવી કેમેરામાં ઝડપાતા પોલીસે તેમને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દેશભરમાં ઘરફોડ ચોરી કરતા તસ્કરો મોજથી ચોરી કરી લોકોને રાતા પાણીએ રડાવે છે. વર્ષોની મહેનતની કમાણી એક રાત્રીમાં ચાઉં કરતા આ તસ્કરોના રંજાડથી બનાસાકાંઠાનું વેપારી મથક ડીસા પણ બાકાત નથી. કેમ કે અહીં સ્પોટ કલબ પાસે આવેલી અંબિકા મોબાઈલ શોપમાં ૧૦ લાખથી વધુની કિંમતનાં મોબાઈલની ચોરીનો બનાવ નોંધાયો છે. આજે વહેલી સવારે દુકાનમાલિક પોતાની દુકાન નિત્ય કર્મ મુજબ ખોલવા જતા દુકાનની શટરનાં તાળા તુટયા હોવાનું માલુમ પડયું હતું. જે બાદ તપાસ કરતા દુકાનમાંથી સેમસંગ, આઈફોન અને બ્લેકબેરી કંપનીના મોબાઈલ અને મોબાઈલ એસેસરીઝ સહીતનો માલસામાન અંદાજીત કિંમત રૂપિયા ૧૦ લાખથી વધુની ચોરી થયાનું બહાર આવ્યું હતું તો વળી તસ્કરોએ મોઢે કપડું બાંધી પોતાનો ચહેરો છુપાવી રાખ્યાનું

સીસી ટીવી કેમેરા ફૂટેજમાં બહાર આવેલું છે. તસ્કરોએ ભીંત પર લગાવેલી એલસીડીને પણ ફોડી નાંખેલ છે અત્રે આ મોટી ચોરીમાં ડીસા ઉત્તર પીએસઆઈ બારડ અને ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરેલ છે. આ ચોરી વિશે દુકાન માલિકે લાખોના મોબાઈલ ચોરાયા હોવાનું કબુલ્યું હતું.

પ્રાંતિજમાં ખાણ ખનીજ વિભાગનો સપાટો રેતી ભરેલા સાત ટ્રક જપ્ત કર્યા

પ્રાંતિજ, તા. ૧૯

તાલુકાના સાદોલિયા-વાઘપુર વિસ્તારમાંથી પસાર થતી સાબરમતી નદીમાં ખનીજચોરી જાણે પેઢી હોય તે રીતે રેતીનું ખનન કરતા હતા. બિન અધિકૃત રીતે રેતીનું ખનન કરી આ ખનીજ ચોરો કોઈને પણ ગાંઠતા ન હતા.

ખનીજ ચોરો દ્વારા અવાર-નવાર ગેરકાયદેસર રીતે રેતી ચોરવાનું ચાલુ જ રાખતા જિલ્લાના ખાણ-ખનીજ અધિકારી ભુપેશ પંડ્યાએ વોચ ગોઠવતા નેશનલ હાઈવે નં. ૮ ઉપરથી સતત ટ્રકોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત મોડી રાત્રે ખનીજ વિભાગના અધિકારીના સપાટામાં રેતી ભરેલી ટ્રક નં. જીજે-૧૮-એયુ-૮૯૪૨, જીજે-૯-ઝેડ૨૬૧૫, જીજે-૧૮એયુ૯૬૫૬, જીજે-૧૮એયુ ૮૭૪૮, જીજે-૯એક્સ ૯૫૭૩, જીજે૯-એચ.વી. ૬૦૫૯ અને જીજે-૯-યુ ૬૯૦૭ ને પકડી પાડી જપ્ત કરી લેવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં ખનીજ ચોરોનો આતંક વધુ વકર્યો છે. સરકારી સંપતિને નુકશાન કરવામાં આવી રહ્યું છે. આ પહેલા પણ

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

અનેક રેતીનું ખનન કરતા ખનીજ ચોરોને ઝડપી પાડવામાં આવ્યા છે. ત્યારે તંત્ર અવારનવાર જો આ રીતે રેડ પાડે તો ખનીજ ચોરો દ્વારા કરવામાં આવતી ચોરી અટકી શકે.

મકાનની ફાળવણીનો ડ્રો રદ કરી હાઈકોર્ટના જજ દ્વારા તપાસ થશે

ડ્રોમાં મોટાપાયે ગેરરીતીનો આક્ષેપ : કોંગ્રેસ અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે દેખાવ કરશે : મોઢવાડીયા : ભાજપ ઉપર સીધા આક્ષેપો

અમદાવાદ, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલ હાઉસીંગ બોર્ડના આવાસોના ડ્રોમાં મોટાપાયે પોલપોલ અને વિસંગતતાઓ - અનિયમિતતાઓને લીધે સામાન્ય, મધ્યમ વર્ગના હજારો ઘર મેળવવા ઈચ્છુક પરિવારો ભોગ બન્યા છે ત્યારે ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની ફાળવણી ડ્રો રદ કરીને હાઈકોર્ટના સીટીંગ જજના તપાસ પંચની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપની સરકારમાં સામાન્ય અને મધ્યમ વર્ગ માટે ઘરનું ઘર એક સ્વપ્ન બની ગયું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ઘરના ઘરની યોજના વિધાનસભાની ચૂંટણી સમયે રજુ કરવામાં આવી હતી જેને સમગ્ર રાજ્યમાંથી પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો જેને લઈને ગભરાયેલી ભાજપ સરકારને અચાનક હાઉસીંગ બોર્ડ, સ્લમ ક્લીયરન્સ બોર્ડ અને હળપતિ આવાસ યોજના જેવી વ્યવસ્થા યાદ આવી અને તરત જ ૫૦ લાખ મકાનની જાહેરાત કરી દેવામાં આવી. ભાજપ દ્વારા કરવામાં આવેલી આ જાહેરાત માત્ર કાગળ ઉપર જ રહી છે. ગુજરાતમાં સામાન્ય અને મધ્યમ વર્ગના ૧૬ લાખ પરિવારો ઘર વિહોણાં છે ત્યારે ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા ૧૩ વર્ષમાં એફોર્ડેબલ હાઉસીંગ માટે કોઈ નક્કર કામગીરી ન કરીને લાખો પરિવારને ઘરના ઘરના અધિકારથી વંચિત રાખ્યા. ત્યારે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસોના ડ્રોમાં મોટાપાયે થયેલી ગેરરીતી-અનિયમિતતાઓ સામે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યના મુખ્ય ચાર શહેરો અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે ઉગ્ર દેખાવો કરીને સામાન્ય-મધ્યમ વર્ગના પરિવારોને ઘરનું ઘર સ્વપ્ન પૂર્ણ થાય તે માટે ધરણા કરશે.

ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની ફાળવણીમાં મોટાપાયે અનિયમિતતા થઈ છે તેની પત્રકાર પરિષદમાં વિગતો રજુ કરતાં મોઢવાડીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસો માટે ઓનલાઈન અથવા તો રૂબરૂ અરજી જમા કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. પણ જ્યારે મુખ્યમંત્રી દ્વારા હાઉસીંગ બોર્ડ આવાસ ફાળવણીના ડ્રોમાં ફક્ત ઓનલાઈન અરજી કરનારાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય અને ઓફલાઈન અરજીકર્તાઓને ખરેખર અન્યાય થયો હોય તેવું પ્રથમ દ્રષ્ટિએ જણાય છે. અમદાવાદમાં નારણપુરા ખાતે ટ્રાન્સપોર્ટ નોર્ડની સ્કીમમાં ૮૭૯ મકાનોની ફાળવણીમાં માત્ર ઓનલાઈન અરજદારોને મકાનની ફાળવણી થઈ છે જ્યારે રૂબરૂ અરજી કરનાર અરજદારોના ફોર્મનો ડ્રોમાં સમાવેશ થયો નથી.

રાજ્ય સરકાર તરફથી ઘણી યોજનાઓની જેમ કોઈપણ આયોજન વગર રાતોરાત ડ્રો કરવાનો આદેશ થતાં કોઈપણ જાતની ચકાસણી વગર કે તમામ ફોર્મનું કોમ્પ્યુટરાઈઝ ચેકીંગ કર્યા વગર જ ડ્રો કરી દેવામાં આવ્યો છે. કુલ મકાનોમાં ૨૭ ટકા બક્ષીપંચ ક્વોટામાં આવાસ ફાળવણીમાં અનામત હોવી જોઈએ તેને બદલે માત્ર ૧૦ ટકા જ રાખવામાં આવી છે. ઓનલાઈન અરજી કરનારને એસએમએસથી પોતાનું ફોર્મ જમા થયાની જાણ કરવામાં આવી છે જ્યારે રૂબરૂ અરજદારોને કોઈપણ પ્રકારની જાણખારી આપવામાં આવી નથી. હાઉસીંગ બોર્ડમાં મકાન માટે એક જ પરિવારના એક કરતાં વધુ સભ્યોને મકાનની ફાળવણી, ભાજપના સ્થાનિક આગેવાનો સાથે મેળાપીપણામાં કરીને મકાનની ફાળવણી જેવી ઘટનાઓ સામે આવી રહી છે. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસ ફાળવણીમાં થયેલી વ્યાપક ગેરરીતીઓ અનિયમિતતાઓ અને સામાન્ય મધ્યમ વર્ગને થયેલ અન્યાયને ધ્યાનમાં લઈ ડ્રો ફાળવણી તાકીદે રદ કરવામાં આવે હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસ ફાળવણીમાં થયેલ ગેરરીતી અંગે હાઈકોર્ટના સીટીંગ જજના અધ્યક્ષ સ્થાને તપાસપંચની રચના કરવામાં આવે. સમગ્ર પ્રક્રિયામાં તમામને સરખી તક મળે તે રીતે પારદર્શક પદ્ધતિ અપનાવવામાં આવે અને હાઉસીંગ બોર્ડના મકાનોમાં સામાન્ય મધ્યમ વર્ગના આવાસના લાભાર્થીઓને રાજ્ય સરકાર સીધી લોન આપે. જેથી નાગરીકોને બેંકોના ધક્કા ખાવામાંથી મુક્તિ મળે.

ઊંઝા ગંજબજારમાં જીરૂમાં નરમાઈ વરિયાળી-ઈસબગુલમાં ગરમાઈ

ઊંઝા, તા. ૧૯

ઊંઝા ગંજબજારમાં મસાલાની ચીજ જીરૂમાં ઘરાકી આધારિત ૫૦ થી ૫૦૦ રૂપિયાની વધઘટ ભાવ અથડાયેલા રહ્યા છે. તાજેતરમાં પરદેશની થોડી લેવાલ અને વાયદો વધતા ઘટ્યા ભાવમાં ૮૦ થી ૧૦૦ રૂપિયાનો સુધારો થયો હતો પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી ઘરાકી મંદ પડતા ભાવમાં જે સુધારો થયો હતો તે ધોવાઈ ગયો છે. જેથી ભાવ અગાઉની સપાટીએ આવી ગયો છે.

અત્યારે બજારમાં બહારથી દરરોજ દશેક હજાર બોરી નવા માલની આવક થાય છે. આની સામે વેપાર ઓછા છે. એટલે ભાવમાં એકંદરે નરમાઈ થયેલ છે. આ વર્ષે જીરાના પાકનું બમ્પર ઉત્પાદન થયું હતું. જેથી ભાવ ખાસ્સા ઘટી ગયા હતા. સિઝન દરમિયાન ઘરાકી સારી રહી હતી જેના લીધે ભાવમાં વધુ ઘટાડો થતો અટકી ગયો હતો.

બીજું આ વર્ષે વરિયાળીનું ઓછુ ઉત્પાદન થયું હતું. દેશાવરોની ઘરાકી પણ સારી રહેતાં ભાવમાં તેજી થયેલ છે. અત્યારે નવા માલની આવક કપાતી જાય છે. સિઝનલ ઘરાકી પુરી થઈ છે. પરંતુ માલની અછત પાછળ ભાવ મજબૂત રહ્યા છે. આવી જ સ્થિતિ ઈસબગુલની છે. ચાલુ વર્ષે ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પાકનું ઉત્પાદન ઓછું થતાં ભાવ વધી ગયો છે. દેશાવરોની ઘરાકી જળવાયેલી રહી છે જેથી ભાવ મક્કમ છે.

તેલીબીયામાં તલના વધુ ઉત્પાદનને લઈને ભાવમાં ઘટાડા તરફી વલણ થયું છે. ગત સિઝનમાં પાકના ઓછા ઉત્પાદન અને સારી ઘરાકીના કારણે ભાવમાં તેજી થઈ હતી. પરંતુ ઉનાળુ પાકનું બમ્પર વાવેતર થવાથી પાકનું ઉત્પાદન વધતાં તેમજ ઘરાકીના ટેકો ન મળતાં ભાવ ખાસ્સા ઘટી ગયા છે. સિઝનમાં ૨૦ કિલોના ૩૦૦૦ સુધીના ભાવ હતા તે હાલ ઘટીને ૨૦૦૦ની આસપાસ થઈ ગયા છે.

શંકરસિંહ વાઘેલાની સ્વ. શ્રેણિકભાઈને અંજલિ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે, શેઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈના દુઃખદ નિધનથી એક સાહસિક ઉદ્યોગપતિ અને ઉમદા વ્યક્તિત્વએ આપની વચ્ચેથી વિદાય લીધી છે. સતત મહેનત અને દીર્ઘદૃષ્ટિકોણ સાથે સફળ ઉદ્યોગપતિની નામના મેળવનાર શ્રેણિકભાઈના જવાથી શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે એક દાનવીર ગુમાવ્યા છે. તેઓ મહાજન પરંપરાના શ્રેષ્ઠી હતાં. તેમણે જીવન પર્યંત વિવિધ સંસ્થાઓમાં પ્રમુખપદ સંભાળીને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમના નિધનથી ગુજરાતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના પરિવારજનોને છત્ર ગુમાવવાનું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે.

આકસ્મિક પાક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્ય ધાન્ય પાકો બાજરી, ઘઉં, કઠોળ પાકોમાં તુવેર, મગ, મઠ, અડદ છે. મગફળી દિવેલા અને રાયડો તેલિબિયાં પાકો તથા કપાસ, ગુવાર અને તમાકુ એ મુખ્ય વાણિજ્ય પાકો છે.

મોટાભાગના ઉષ્મીય વર્ગ હેઠળ છે. મે મહિનામાં મહત્તમ તાપમાન ૪૦ થી ૪૫ સે. ગ્રેડ રહે છે. સરેરાશ જમીન તાપમાન ૨૮ સેલ્સીયસ ને પણ ઓળંગી જાય છે. સામાન્ય હવાનું તાપમાન જાન્યુઆરીમાં ૧૦ સે. ઉપર રહે છે. ઓછા વરસાદના વર્ષમાં મહત્વના પાકોની ઉપજ કે જેમ કે મગફળી કે જે વરસાદ પર આધારિત છે તેની ઉપજ ૭૦ ટકા કે તેથી વધારે ઘટી શકે છે. એટલે આંતર ખેડનો આગ્રહ આ આકસ્મિક પાક આયોજનમાં સૂચવવામાં આવ્યો છે. આકસ્મિક પાક આયોજનમાં જિલ્લાની જે તે વિસ્તારની જુદા જુદા પ્રકારની જમીન અને આબોહવાની સ્થિતિને ધ્યાને રાખી જે તે વિસ્તાર માટે પાકના ડ્રોપ ઝોન બનાવવામાં આવ્યા છે અને તે પ્રમાણે વાવેતર કરવા ખેડૂતોને સૂચવવામાં આવ્યું છે.

અલનીનો ઈફેક્ટસ્‌ને કારણે ચોમાસુ અનિયમિત રહે તેવી સંભાવનાઓને ધ્યાને રાખી વહેલી પાકતી જાતોનું વાવેતર કરવા ખેડૂતોને જણાવવામાં આવ્યું છે. વરસાદ ખેંચાયાનું જણાતાં તાજેતરમાં જ રાજ્યના કૃષિ વિભાગે આકસ્મિક પાક આયોજન તૈયાર કરવા માટે જિલ્લાઓને સૂચનાઓ જારી કરી હતી. આ સૂચનાઓને ધ્યાને રાખી તંત્રએ તાત્કાલિક આ આકસ્મિક પાક આયોજન તૈયાર કરી અને ખેડૂતોને સમયસર માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગ્રામ પંચાયત કચેરી અને ગ્રામસેવકોને મોકલી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

શબ્દાવલી - ૫૪૨૪

આડી ચાવી

૧. એક મોટું ફળ (૪)
૪. આરીયું, કકુમ્બર (૩)
૭. ખલાસ, ખતમ (૩)
૯. દારૂની એક જાત (૨)
૧૦. લઇ લેવું, લેવું (૩)
૧૨. એક કાપડની જાત (૩)
૧૩. પગથિયાવાવાળો કૂવો (૨)
૧૪. રોડ, સડક (૨)
૧૫. મકાઇ (૨)
૧૭. ... વાચા-કર્મણા (મનને લગતું) (૩)
૧૯. આંબલીના ફળ (૩)
૨૧. સમયાંતરે, વારે વારે (૬)
૨૩. એક કાળો પદાર્થ (૩)
૨૪. લડાઇ (૩)

ઊભી ચાવી

૧. સાધુ, તાપસ (૩)
૨. તાવ (૩)
૩. ચલાયમાન થાય તેવું (૨)
૫. કરમદીનું ફળ (૪)
૬. ઓછું પ્રકાશિત (૨)
૮. ચોખાના લોટના પાપડ(૪)
૧૧. તિરસ્કૃત ભાષામાં કાર્યો(૪)
૧૩. વંડો, બરામદો (૨)
૧૪. નાના છોકરાને રમવાની વસ્તુ (૪)
૧૬. દાન (૩)
૧૮. કુવારો (૩)
૧૯. વ્યક્તિને બેસાડી શકાય અને ખભે ઊંચકી શકાય તેવી તુલા(૩)
૨૦. તખ્ત, સિંહાસન (૩)
૨૨. વજન, ભાર (૨)
૧૯. વ્યક્તિને બેસાડી શકાય અને ખભે ઊંચકી શકાય તેવી તુલા(૩)
૨૨. તખ્ત, સિંહાસન (૩)
૨૨. વજન, ભાર (૨)

શબ્દાવલી ૫૪૨૩ના જવાબ

આડી ચાવી :- (૧) અથડામણ (૩) કાકા (૫) ભારત (૬) પલ (૮) કમાવતર (૧૦) લાપરવાહ (૧૩) નાક (૧૫) સાતવચે (૧૭) શીરપાવ (૧૮) લાનત

ઊભી ચાવી :- (૧) અડપલા (૨) ડાકુ (૩) કારતક (૪) કાતર (૫) ભાવ (૭) લપડાક (૮) કવાયત (૯) માહ (૧૧) શંકુતલા (૧૨) સાવચેત (૧૩) નામોશી (૧૪) છીપા (૧૬) વન

નગરને નવું નજરાણું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અપાશે. અઠવાડિયામાં બે દિવસ ચાલનારા આ વર્ગોમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નૃત્ય તજજ્ઞો ભારત અને ગુજરાતના લોકનૃત્યો અને ભારતના શાસ્ત્રીય નૃત્યોનું તમામ શિક્ષણ આપશે.

કલ્ચરલ સ્કૂલ ઓફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગમાં છ મહિનાના અભ્યાસક્રમમાં ૮ થી ૧૪ વર્ષની વયના બાળકો માટે એક વર્ગ અને ૧૫ વર્ષથી વધુ વયના બાળકો માટે એક વર્ગ હશે. અઠવાડિયામાં બે દિવસ ચાલનારા આ વર્ગોમાં ગુજરાતના અને ગાંધીનગરના લબ્ધ પ્રતિસ્થિત ચિત્રકારો-શ્રેષ્ઠ ચિત્ર શિક્ષકો ડ્રોઈંગ અને પેઈન્ટીંગ વિષે તમામ શિક્ષણ આપશે.

જ્યારે કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટિંગમાં આ વર્ષે ત્રણ મહિનાનો અભ્યાસક્રમ રહેશે જેમાં ૧૪ વર્ષથી વધુ વયના યુવાનોને ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત કલાકારો-તજજ્ઞો નાટ્યશાસ્ત્ર વિષે શિક્ષણ આપશે.

આપત્તિની માહિતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાપી નદીના કિનારે વસેલા આ શહેર અને શહેરીજનોને સંભવિત આપત્તિઓથી તુરંત જ માહિતગાર કરી શકાય, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલા જિલ્લા, તાલુકા અને ગ્રામ્યસ્તરના કર્મયોગીઓને તુરંત સંદેશો મોકલી, હરકતમાં લાવી શકાય તથા તાત્કાલીક બચાવ, રાહત સહિતની આનુષાંગિક કામગીરી હાથ ધરી શકાય તે માટે, સુરતના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી એક એન્ડ્રોઈડ બેઝ મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચિંગ આજે સુરતમાં શહેરીક્ષેત્ર શાળાપ્રવેશોત્સવનું નેતૃત્વ કરવા આવેલા મુખ્યમંત્રી આનંદીબેન પેલે કર્યું હતું.

ગુગલ પ્લે ઉપરથી સ્માર્ટફોન વપરાશકારો સીધી ડાઉનલોડ કરી શકે તે પ્રકારની આ મોબાઈલ એપ્લીકેશનમાં અંદાજીત છ હજાર જેટલા અગત્યના નંબરો, નામ અને સરનામાનો સમાવેશ કરાયો છે. ખૂબ જ યુઝર્સ ફ્રેન્ડલી ફિચર્સ સાથે તૈયાર કરાયેલી આ એપ્લીકેશનમાંથી સીધા વોટ્સઅપ કે ફેસબુકની લીન્ક પણ વપરાશકારોને મળી રહે તેવી સીસ્ટમ ડિઝાઈન કરવામાં આવી છે. એમ ડિઝાસ્ટર મેનેજમેન્ટના તકનીકી તજજ્ઞએ મુખ્યમંત્રી સમક્ષ આ એપ્લીકેશનનું પ્રેઝન્ટેશન રજુ કરતાં જણાવ્યું હતું.

સૌથી લાંબો દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૃથ્વી પોતાની દરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.

૨૧મી જૂને લાંબામાં લાંબા દિવસ અને રાત્રિ ટુંકી ત્યારબાદ ક્રમશઃ દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો અનુભવ લોકો કરશે.

માણસા નગરપાલિકા
જીપ ગાડી વેચવા માટેની જાહેર નિવિદા
(બીજો પ્રયત્ન)

માણસા નગરપાલિકાની જીપ ગાંડી નં. જીજે-૧૮-એ-૪૫૫૪ માર્શલ કંપની ચાલુ હાલતમાં છે. તે જીપ વેચવાની છે. જેની અપસેટ કિંમત રૂ. ૭૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ તેમની ભાવોની ઓફર રૂ. ૫,૦૦૦/-ના ડી.ડી. સાથે ચીફ ઓફીસરશ્રી, માણસા નગરપાલિકાના નામનું બંધ કવરમાં તા. ૨૭/૬/૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

તા. ૧૭/૬/૨૦૧૪ — રવિકાન્ત બી. પટેલ
સ્થળ : માણસા — ચીફ ઓફિસર
માહિતી/૪૨૫/૧૪-૧૫ — માણસા નગરપાલિકા

જાહેર નિવિદા
વાહન સુવિધા (હંકારનારની સેવા સાથેની/સેવા પુરી પાડવા અંગે
બીજો પ્રયત્ન

ગુજરાત રાજ્ય જળસ્ત્રાવ વ્યવસ્થાપન એજન્સીની ગાધીનગર ખાતેની જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ કચેરીમાં એસી. ટવેરા વાહન એકની સુવિધા (હંકારનારની સુવિધા સાથેની) સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૨૭/૬/૨૦૧૪ સુધીમાં પ્રાયોજના નિયામક અધિકારીશ્રી જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ કચેરી, ગાંધીનગર ખાતેથી અરજી સાથે પ્રોજેક્ટ ડાયરેક્ટર ડિસ્ટ્રીક્ટ વૉટરશેડ ડેવલોપમેન્ટ યુનિટ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહિ ચુકવવા પાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.
કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને આ કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની તૈયાર સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.
પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૪/૭/૨૦૧૪ના રોજ ૧૪-૦૦ કલાક સુધીમાં મળી જિય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : બળવંતરાય મહેતા પંચાયત પરિષદ ભવન, જિલ્લા પંચાયતની બાજુમાં, સે.૧૭, ગાંધીનગર (બીજે માળ) — પ્રાયોજના નિયામક, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, ગાંધીનગર
તારીખ : ૨૦/૬/૨૦૧૪ — માહિતી/૪૧૯/૧૪-૧૫

જાહેર નિવિદા

ગુજરાત સામાજિક આંતરમાળખાકિય વિકાસ સોસાયટી (GSIDS)
અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્ર નિયામકની કચેરી કમ્પાઉન્ડ,
બીજો માળ, પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર-૧૮, ગાંધીનગર.

પ્રી ઓડિટ કામ માટે ટેન્ડર

GSIDSની પ્રી ઓડિટની એક વર્ષની કામગીરી માટે ઝ.છ.ની ફર્મ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ડૉક્યુમેન્ટમાં દર્શાવેલ ટર્મ અને કન્ડિશન, ઓડીટ સ્કોપ અને વધુ જાણકારી માટે http://gujhd.gujarat.gov.in ને જોવાની રહેશે. સંબંધ કર્તાઓએ તેમની ઓફર્સ તા. ૩૦/૬/૨૦૧૪ સુધીમાં કે તે પહેલા ૧૮-૦૦ કલાક સુધીમાં આપવાની રહેશે. ઉપરોક્ત સરનામાં પરથી ટેન્ડરની કોપી મેળવી શકાશે.

નિયામક અને સભ્ય સચિવ
માહિતી/૪૩૨/૧૪-૧૫ — GSIDS

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,
પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ, વડી કચેરી, ગાંધીનગર

ફિટનેશ સેન્ટરના સાધનોના ટેન્ડર માટે જાહેર નિવિદા

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી/કર્મચારીઓની કામગીરી વધુ સારી બને અને તેઓની કાર્યક્ષમતામાં વધારો થાય તે માટે તેમની શારીરિક તંદુરસ્તી / ફિટનેશ જળવાય તે હેતુથી વડી કચેરી ગાંધીનગર ખાતે ફીટનેશ સેન્ટર (જીમ)ની વ્યવસ્થા કરવામાં આવનાર છે. જેના અનુસંધાને ખરીદવાના થતાં સાધનો માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. સદર બાબતે રસ ધરાવતા અરજદારોએ બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતેથી ટેન્ડર ફોર્મ નીચેની વિગતે મેળવી નિયત સમય મર્યાદામાં આર.પી.એ.ડી. પોસ્ટથી કચેરીને મળી જાય તે રીતે પહોંચાડવાના રહેશે.
(૧) ટેન્ડર ફોર્મ ફી. રૂ. ૧૦૦૦/-
(૨) ટેન્ડર મેળવવાનો સમયગાળો, તા. ૨૦/૬/૧૪થી તા. ૧૦/૭/૧૪ (કચેરી સમય સુધી)
(૩) ટેન્ડર ભરીને પરત પહોંચાડવાની તા. ૧૧/૭/૧૪ના રોજ ૬.૧૦ સુધી
(૪) ટેન્ડર ખોલવાની તા. ૧૪/૭/૧૪ બપોરના ૧૬-૦૦ કલાકે ટેન્ડર ભરનાર એજન્સીના પ્રતિનિધિએ અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર — હાર્દિક શાહ
માહિતી/૪૩૧/૧૪-૧૫ — સભ્ય સચિવ